**પ્રધાનમંત્રીએ રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી (01 સપ્ટેમ્બર, 2025)**

01 સપ્ટેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ચીનના તિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠન શિખર સંમેલન દરમિયાન રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી.

2. બંને નેતાઓએ આર્થિક, નાણાંકીય અને ઉર્જા ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય સહયોગ પર ચર્ચા કરી અને આ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોમાં સતત વૃદ્ધિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

3. બંને નેતાઓએ યુક્રેન સંબંધિત નવીનતમ વિકાસ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. પ્રધાનમંત્રીએ યુક્રેનમાં સંઘર્ષના ઉકેલ માટે તાજેતરના પગલાંઓ માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો અને સંઘર્ષનો વહેલો અંત લાવવા અને કાયમી શાંતિ સમાધાન શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

4. બંને નેતાઓએ બંને દેશો વચ્ચે ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે તેમના સમર્થનની પુષ્ટિ કરી હતી. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ પુતિનને જણાવ્યું હતું કે તેઓ આ વર્ષના અંતમાં 23 મા વાર્ષિક શિખર સંમેલન માટે ભારતમાં તેમનું સ્વાગત કરવા આતુર છે.

તિયાનજિન

01 સપ્ટેમ્બર, 2025